We are also available on
/ vadodaranewsnetwork
/vnnnewstv
www.vadodaranewsnetwork.com | www.vnngyandesh.com
VNN
Vadodara News Network

તમારા માટે તમારી સાથે...

Govt. of India PRGI No. GJMUL/25/A2817

# VNN દૈનિક જ્ઞાનદેશ

■ Email : news@vnngyandesh.com ■ ન્યાયક્ષેત્ર વડોદરા કોર્ટને આધિન VNN GYANDESH [ DAILY] ગુજરાતી-હિન્દી-અંગ્રેજી દૈનિક અખબાર

★ માલિક : વીએનએન ન્યુઝ ટીવી પ્રા. લિ. ★ મુદ્રક-પ્રકાશક- તંત્રી : શાહ અનિકેત રાજકુમાર મો. 8092809292 ★ વર્ષ : ૧ ★ અંક : ૧ ★ તા. ૦૧-૧૦-૨૦૨૫ ★ બુધવાર ★ પાના : ૪ ★ કિંમત રૂા. ૧.૦૦ ★ વાર્ષિક લવાજમ : ૩૬૫/-

■ OWNER : VNN NEWS TV PRIVATE LIMITED ■ PUBLISHER, PRINTER, EDITOR : SHAH ANIKET RAJKUMAR ■ VOLUME : 01 ■ ISSUE NO. 1 ■ DATE : 01-10-2025 WEDNESDAY ■ PAGE : 04 ■ PRICE : RS. 1/-

■ PUBLICATION PLACE : 425, VIHAV TRADE CENTRE, NEAR WAVES CLUB BHAYLI, VADODARA, GUJARAT - 391440. ■ Published From Vadodara. (Guj.) ■ ANNUAL Subscription: 365/-

### ગાંધીનગર કમલમ ખાતે સંયુકત પત્રકાર પરિષદને સંબોધન કરતા મુખ્યમંત્રી તથા પ્રદેશ ભાજપ પ્રમુખ : દેખાદેખીમાં વિદેશી વસ્તુઓ ન ખરીદો

# ૯૦ દિવસ સુધી આત્મનિર્ભર ભારત અભિયાન ચાલશે

### ભારત વોકલ ફોર લોકલથી આત્મનિર્ભર બનશેઃ મેક ઈન ઈન્ડીયા - ડિજિટલ ઈન્ડીયાથી આપણે આયાતકારથી નિકાસકાર બન્યાઃ પટેલ-પાટિલ : મંત્રી મંડળના વિસ્તરણ અંગે બંનેનુ મૌન



ગાંધીનગર,ગાંધીનગર જિલ્લાના કમલમ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા ખાસ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રેસ કોન્ફરન્સ સ્વદેશી અભિયાનના ભાગરૂપે યોજાઈ છે. તેમજ ગાંધીનગર ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી, ભાજપ -મુખ સહિત ભાજપના ધારાસભ્યો તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રેસ કોન્ફરન્સમાં સીઆર પાટીલે જણાવ્યું હતું કે, 25મી સપ્ટેમ્બર પંડિત દિનદયાળની જન્મજયંતિથી 25મી ડિસેમ્બર 2025 સુધી પૂર્વ દિવંગત વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી જન્મજયંતિ સુધી આત્મનિર્ભર ભારત અંતર્ગત સંકલ્પ અભિયાન કાર્યક્રમ ચલાવવાનો છે.ભારતને આત્મનિર્ભર બનાવવા માટે સરકારે પૂરતા પ્રયાસ કરી રહી છે, કેન્દ્ર સરકારની સાથે સાથે રાજ્ય સરકારે પણ જનતાને આત્મનિર્ભર થવા માટે પ્રેરિત કરી રહી છે. આજે ગાંધીનગરના ભાજપ કાર્યાલય શ્રી કમલમ ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે એક પ્રેસ કોન્ફરન્સ યોજી , જેમાં સ્વદેશી અપનાવવા પર ભાર મુકયો હતો, તેમને જણાવ્યું કે, 90 દિવસ સુધી આત્મનિર્ભર ભારત અભિયાન ચાલશે. દેખા-દેખીમાં વિદેશી વસ્તુઓ ના ખરીદો પરંતુ સ્વદેશી વસ્તુઓ ખરીદો. આ અભિયાનના ઇન્ચાર્જ તરીકે પ્રદિપસિંહ જાડેજાને જવાબદારી સોંપાઇ છે.ગાંધીનગરના કોબા ખાતેના શ્રી કમલમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની પ્રેસ કોન્ફરન્સમાં મહત્વનો મુદ્દો સ્વદેશી અપનાવવાનો હતો. પ્રેસ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની જનતાને અપીલ કરી હતી કે, હંમેશા સ્વદેશી અપનાવવું જોઇએ જેથી દેશના વિકાસમાં આપણે મહત્વનો ફાળો આપી શકીએ.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ભારત વિશ્વની ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનશે, સ્વદેશીના નારાને બુલંદ બનાવવો જરૂરી છે. મેક ઈન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયાથી ઈમ્પોર્ટરથી એક્સપોર્ટર બન્યા છે. ભારત હવે આયાતકાર નહીં પણ નિર્યાતકાર દેશ બનશે. આત્મનિર્ભર ભારતના નારાને યુવા આગળ વધારશે. સરકાર સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરી રહી છે. આત્મનિર્ભર અભિયાનને જન આંદોલન બનાવાશે. ખાદીનું વેચાણ વધીને 1.70 લાખ કરોડનું થયુ છે. GSTના દરમાં ફેરફારથી દેશવાસીઓને મોટો ફાયદો થશે. મધ્યમ અને લઘુ ઉદ્યોગને પ્રોત્સાહિત કરવાની સરકારની નીતિ છે.ગુજરાતના રાજકારણમાં લોકોના કાન જે સાંભળવા તરસી ગયા છે, તે પ્રશ્ન પૂછવા પર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ હસતા હસતા ટાળીને જતા રહ્યાં. આજે કમલમ ખાતે પ્રેસ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને મંત્રીમંડળના વિસ્તરણનો પ્રશ્ન પૂછાયો હતો. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને સી.આર પાટીલ માત્ર સ્માઈલ આપી ઉભા થઇ ગયા હતા.મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની આજે કમલમ કાર્યાલય પર સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. દેશમાં 22 તારીખ થી અમલમાં આવેલા જીએસટી રિફોર્મસ અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સ્વદેશી અપનાવો ઝુંબેશ અંતર્ગત બંનેએ સંબોધન કર્યું હતું. જેમાં સરકાર અને સંગઠન સાથે મળી સ્વદેશી અપનાવોની મુહીમ તેજ કરવામાં આવશે તેવું જણાવાયું હતું.સી.આર. પાટીલે જણાવ્યું કે, આત્મનિર્ભર ભારત અભિયાન શરૂ કરાયું છે.

---

#### વંથલીની ઝાપોદડ સેવા મંડળીની ઘટના

## ૩૧ લાખના ખાતર કૌભાંડમાં પ્રમુખની ધરપકડ કરાઈ

જુનાગઢ

જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘમાં ૨૦૨૨થી મેનેજર તરીકે ફરજ બજાવતા સતીષકુમાર ગોવિંદ ખટારીયાએ ઝાપોદડ સેવા સહકારી મંડળીના પ્રમુખ મનસુખ ગંગદાસ પાડલીયા અને મંડળીના મંત્રી કેવલ જીતેન્દ્ર જયસ્વાલ સામે વંથલી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં મંડળીના પ્રમુખ અને મંત્રી દ્વારા તા. ૧ એપ્રિલ ૨૦૨૩થી તા ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન ખરીદ વેચાણ સંઘ પાસેથી રાસાયણિક ખાતર સહિતની વસ્તુઓ મંગાવી હતી. જે ખાતર ખેડૂતોને વેચી તેના ઉપજેલા નાંણા વસુલી તે નાણા મંડળીના ખાતે જમા લીધા હતા. બાદમાં બને આરોપીઓએ પોતાની સહી ચેકમાં કરીને રૂ.૧૯.૪૫ લાખ મંડળીના મંત્રીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લીધા અને બાદમાં તે રકમ પોતાના અંગત હિત માટે વાપરી ઉચાપત કર્યાની ફરિયાદ નોંધાવામાં આવી છે.

ઝાપોદડ સેવા સહકારી મંડળીના પ્રમુખ મનસુખ ગંગદાસ પાડલીયા અને મંડળીના મંત્રી કેવલ જીતેન્દ્ર જયસ્વાલએ ખાતર ખેડૂતોને વહેંચી અને પૈસાની ઉચાપત કરી હતી. તેમજ ખરીદ વેચાણ સંઘનું ખાતરનું બીલ પણ ન ચૂકવીને કાવતરું રચીને ખરીદ વેચાણ સંઘ સાથે કુલ રૂ.૩૧,૦૬,૧૨૯ની રકમની નાણાકીય ઉચાપત કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધીને મંડળીના પ્રમુખ મનસુખ પાડલીયાની ધરપકડ કરીને ફરાર આરોપી જીતેન્દ્ર જયસ્વાલની શોધખોળ શરૂ કરી છે. તેમજ ઝડપાયેલા પ્રમુખની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે. આ કૌભાંડમાં કોણ કોણ હજુ પણ સંડોવાયેલું છે તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. આમ લાખોની કિંમતનું ખાતર વહેંચીને ઉચાપત કરનાર મંડળીના પ્રમુખ અને મંત્રી સામે ફરિયાદ તો નોંધાઈ છે.

---

## નવરાત્રિ સામાન્ય શહેરીજનો માટે જાણે કે લૂંટ રાત્રિ બની ગઈ

અમદાવાદ : અમદાવાદ શહેરની નવરાત્રિ સામાન્ય શહેરીજનો માટે જાણે કે લૂંટ રાત્રિ બની ગઈ હોય તેવો તાલ જોવા મળી રહ્યો છે. શહેરના એસપી રિંગ રોડ આસપાસ સંખ્યાબંધ ખાનગી પાર્ટી પ્લોટમાં નવરાત્રિના આયોજનો કરાયા છે. જ્યાં ખુલ્લા પ્લોટમાં કોઈ સલામતી વગર ટુ વ્હીલર પાર્કિંગ માટે ૧૦૦ રૂપિયા અને કાર પાર્કિંગ માટે ૨૦૦ રૂપિયા સુધીની ઉઘાડી લૂંટ ચાલી રહી છે. બીજી તરફ કાળા કાચવાળી કાર સામે કડક પગલાં લેવાની પોલીસે હાંકેલી ગુલબાંગોનું પણ સૂરસૂરિયું થઈ ગયું છે. અમદાવાદ શહેરમાં આવેલા ખાનગી પાર્ટી પ્લોટમાં એક દિવસની એક વ્યક્તિની ટિકિટ માટે ૧૦૦૦થી ૨૫૦૦ રૂપિયા સુધીની તોતિંગ ફી વસૂલવામાં આવી રહી છે. આવડી મોટી ફી ચૂકવ્યા બાદ પીવાના પાણીની વ્યવસ્થા પણ મોટાભાગના પાર્ટી પ્લોટમાં નથી. ઘરેથી લાવેલી પાણીની બોટલ અંદર લઈ જવા દેવામાં આવતી નથી. પરિણામે બે-અઢી કલાક રાસ રમીને તરસ્યા થયેલા ખેલૈયાઓએ ૨૦ રૂપિયાની પાણીની બોટલ માટે ૫૦ રૂપિયાથી પણ વધારે રકમ ચૂકવવી પડે છે. બહાર બજારમાં ૩૦-૪૦ રૂપિયામાં મળતી નાસ્તાની પ્લેટના ૧૦૦થી ૧૫૦ સુધીની અધધ રકમ વસૂલાઈ રહી છે. આ ઉઘાડી લૂંટ રોકવામાં એક પણ તંત્ર દ્વારા પગલાં લેવામાં આવી રહ્યા નથી. નવરાત્રિ પૂર્વે કાળા કાચવાળા વાહનો અને રાત્રે ૧૨ વાગ્યા પછી ઊંચા અવાજે વાગતા લાઉડ સ્પીકર બાબતે હાઈકોર્ટે પોલીસ અને સરકારને ટકોર કરી હતી.

---

## ગુજરાતમાં સાયબર ફ્રોડ કરનારાઓ સામે કાર્યવાહી, પીડિતોને 5.51 કરોડ રૂપિયા પરત




ગુજરાત પોલીસે સાયબર ક્રાઈમ સામે મોટી કાર્યવાહી કરી છે. છેતરપિંડીનો ભોગ બનેલા લોકોને ૫.૫૧ કરોડ રૂપિયાથી વધુ રકમ પરત કરવામાં આવી છે. ૮૦૪ કરોડની આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઈમ ગેંગનો પણ પર્દાફાશ થયો છે. ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે પોલીસે ગુજરાતના રહેવાસીઓના મહેનતના પૈસા લૂંટનારા સાયબર છેતરપિંડી કરનારાઓ સામે યુદ્ધ છેડ્યું છે. સંઘવીએ ઉમેર્યું હતું કે નસ્ત્રતેરા તુઝકો અર્પણથથ કાર્યક્રમ હેઠળ, ગાંધીનગરમાં સાયબર સેન્ટર ઓફ એકસેલન્સે નાગરિકોને નોંધપાત્ર રકમ પરત કરી છે.

એક મોટા કેસમાં, વડોદરાના એક વરિષ્ઠ નાગરિક સાથે પ્રતિષ્ઠિત વીમા કંપનીઓના નામે નફાના વચનો આપીને છેતરપિંડી કરવામાં આવી હતી. પોલીસે ૪.૯૧ કરોડ પરત કર્યા હતા. બીજા એક કેસમાં, અમદાવાદની એક વરિષ્ઠ મહિલાને નકલી પોલીસ અધિકારી દ્વારા ડિજિટલી ધરપકડ કરવામાં આવી હતી, ડ્રગ કેસમાં ફસાવવાની ધમકી આપવામાં આવી હતી અને સ્કાયપે દ્વારા ૧૨ દિવસ સુધી નજરકેદ રાખીને ૪૮ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. પોલીસે આ રકમ પણ રિકવર કરી છે.

આંતરરાષ્ટ્રીય નેટવર્ક પર કાર્યવાહી અંગે, હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાત પોલીસે દુબઈ, વિયેતનામ અને કંબોડિયાથી કાર્યરત એક મોટી ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગ સામાન્ય નાગરિકોને ૧.૫ થી ૨ ટકા કમિશન આપીને તેમના બેંક ખાતા અને સિમ કાર્ડ મેળવતી હતી. તેઓ આ ગેંગનો ઉપયોગ કરીને દેશભરમાં સાયબર છેતરપિંડી કરતા હતા.

આ ગેંગે દેશભરમાં ૧,૫૪૯ ગુનાઓ કર્યા હતા અને અંદાજે ૮૦૪ કરોડની છેતરપિંડી કરી હતી, જેમાંથી ગુજરાતમાં ૧૪૧ ગુનાઓમાં કુલ ?૧૭.૭૫ કરોડની છેતરપિંડીનો સમાવેશ થાય છે. આ કાર્યવાહીમાં, સુરતમાં ૧૦ મુખ્ય

અનુ.પાન નં.૨ પર

---

#### ૯૫૭ કરોડનો ધૂમાડો છતાં ગુજરાતમાં હવા-પાણી પ્રદૂષિત

## અમદાવાદ સહિત અન્ય શહેરોમાં હવા અને પાણીનુ પ્રદુષણ વકર્યુ

ગાંધીનગર

ગુજરાતમાં ઔદ્યોગિકીકરણ અને વધતાં જતા વાહનો કારણે પ્રદુષણની સમસ્યા વધુને વધુ ઘેરી બની રહી છે. પર્યાવરણની દુહાઈ દેવામાં આવી રહી છે ત્યારે અમદાવાદ સહિત અન્ય શહેરોમાં હવા-પાણીનુ પ્રદુષણ વકર્યુ છે. લોકસભામાં રજૂ કરાયેલાં રિપોર્ટ મુજબ, છેલ્લાં પાંચેક વર્ષમાં કુલ મળીને રૂા. ૯૫૭ કરોડનો ધુમાડો કરાયો છે છતાં પણ ગુજરાતમાં પ્રદુષણને કાબૂમાં લઈ શકાયુ નથી. પર્યાવરણવિદોએ તો ચિંતા વ્યકત કરી છેકે, જો આ પરિસ્થિતીમાં સુધારો નહી આવે તો દિલ્હી-હરિયાણા જેવી દશા થાય તે દિવસો હવે દૂર નથી.





ઔદ્યોગિક વિકાસની આંધળી દોટમાં જાણે પ્રદુષણ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે. આજે અમદાવાદ જેવી મેટ્રોસિટીમાં એર ક્વોલિટી ઈન્ડકેસ વધતો જઈ રહ્યો છે જે ચિંતાનો વિષય બન્યો છે. ઉદ્યોગો-કારખાના ઉપરાંત વાહનોના ધુમાડાને કારણે હવામાં ઝેરી રજકણોનું સ્તર વધી રહ્યુ છે.આ કારણોસર અમદાવાદમા વટવા, રખિયાલ, નરોડા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં હવાનું પ્રદુષણ ચિંતાજનકહદે રહ્યુ છે. આ વિસ્તારમાં મોડી રાત્રે કેમિકલની એટલી વાસ આવે છે કે લોકોને કેટલીક વાર તો નાક પર કપડું રાખીને બહાર નીકળવું પડે. ચામડીના રોગી વધ્યાં છે. સ્થાનિક લોકો તો હવે જાણે વાયુ પ્રદૂષણથી ટેવાઈ ગયા છે.

વર્ષોથી ચાલતી આ ગંભીર સમસ્યા સામે સરકાર દ્વારા કોઈ ઠોસ પગલાં લેવામાં આવી રહ્યા નથી.

દુષણ નિયંત્રણ બોર્ડના વર્ષ ૨૦૨૪-૨૫ના અહેવાલ મુજબ, અમદાવાદમાં નવરાત્રિ દરમિયાન ધ્વનિ પ્રદુષણ વધ્યુ છે જેમકે, અમદાવાદ પૂર્વમાં વધુમાં વધુ ૧૦૩ ડેસિબલ અને અમદાવાદ પશ્ચિમમાં ૮૫.૮૦ ડેસિબલ અવાજનો ઘોંઘાટ રહ્યો છે. આ સ્થિતિ મનુષ્યની શ્રવણશક્તિને ખૂબ નુકસાન પહોંચાડે છે. આ ઉપરાંત દિવાળીના સમયગાળા દરમિયાન અમદાવાદ શહેરમાં

અનુ.પાન નં.૨ પર

---

#### જો ડીલર કંપનીની સેવાથી સંતુષ્ટ નથી તો...

## હવે ગ્રાહક મોબાઈલ પોર્ટેબિલિટીની જેમ એલપીજી કંપની બદલી શકશે

### દેશમાં ૩૨ કરોડ એલપીજી કનેકશન છે અને દર વર્ષે ૧૭ લાખ જેટલી ફરિયાદો નોંધાય છે : એલપીજીએ સૂચનો મંગાવ્યા



નવી દિલ્હી, : જો આપ આપના એલપીજી ડીલરથી સંતુષ્ટ નથી તો તેમાંથી જલ્દી રાહત મળી શકે તેમ છે. મોબાઈલ નંબર પોર્ટેબિલિટીની તર્જ પર એલપીજી ગ્રાહકોને આ વિકલ્પ મળી શકે છે કે તેઓ પોતાના હાલના કનેકશનને બદલ્યા વિના ગેસ કંપની બદલી શકે છે. સરકાર આ યોજનાને જલદી લાગુ કરવાની તૈયારી કરી રહી છે.તેલ નિયામક પેટ્રોલિયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડે નએલપીજી ઈન્ટર ઓપરેબિલિટીથ પર હિતધારકો અને ગ્રાહકોના સૂચનો આમંત્રીત કર્યા છે. બોર્ડનું કહેવું છે કે, ઘણીવાર સ્થાનિક વિતરક પાસે સંચાલન સંબંધી મુશ્કેલીઓ હોય છે અને ગ્રાહક પાસે વિકલ્પ સીમીત રહી જાય છે.આ સ્થિતિમાં ગ્રાહકોને કંપની કે ડીલર પસંદ કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. ખાસ કરીને ત્યારે જયારે સિલિન્ડરની કિંમત સમાન હોય. આને જોતા હવે બોર્ડ ઈન્ટર-કંપની પોર્ટેબિલિટીની મંજુરી આપવા પર વિચાર કરી રહી છે. ગ્રાહકો પાસેથી સૂચનો મળ્યા બાદ પીએનજી આરબી તેના માટે નિયમ અને ગાઈડલાઈન તૈયાર કરશે અને દેશમાં લાગુ કરવાની તારીખ નકકી કરશે.

### ઉદ્યોગો માટે હવે આવશ્યક બની ગયેલા સેવા ક્ષેત્રને પ્રોત્સાહિત કરાશે

# રાજયની નવી નીતિમાં સર્વિસ ક્ષેત્રને પણ ઉદ્યોગનો દરજજો અપાશે

## આઈટી - ઈન્ટરનેટ સાથે જોડાયેલી સેવાઓ, પ્રવાસન, હોટેલ, વિમા, નાણાકીય સેવાઓ, ટ્રાન્સપોર્ટેશન, શિક્ષણ, આરોગ્ય, મિડીયા, મનોરંજન, રીયલ એસ્ટેટ, કાનુની તથા વ્યાપારી સેવાઓ માટે ખાસ પ્રોત્સાહન આપશે

રાજકોટઃ ઔદ્યોગીક ક્ષેત્રે હરણફાળ ભર્યા બાદ હવે ગુજરાતમાં સર્વિસ સેકટર એટલે કે જે વિવિધ સેવાઓનું ક્ષેત્ર છે તેને પણ વેગ મળે અને આ ક્ષેત્રમાં પણ ગુજરાત દેશનું મોડેલ બને તે જોવાની તૈયારી છે અને રાજયની દિવાળી પુર્વે જાહેર થનાર નવી ઔદ્યોગીક પોલીસીમાં સર્વિસ સેકટરને પણ ઉદ્યોગ જેવો દરજજો આપવાની તૈયારી છે અને તે દેશમાં પ્રથમ બની રહેશે.

રાજયમાં વ્યાપાર-ઉદ્યોગની સાથે તેની સાથે જોડાયેલા સર્વિસ સેકટરનો પણ વિકાસ થઈ રહ્યો છે પણ તેને ઉદ્યોગ જેવી વિવિધ જે સરળતા જરૂરી છે તે ઉપલબ્ધ નથી. આ સર્વિસ સેકટરમાં આઈટી, ઈન્ટરનેટ ઓફ થીંગ્સ, પ્રવાસન, હોટેલ-નાણાકીય ક્ષેત્રો જેમાં બેન્કીંગ અને વિમા ક્ષેત્રનો પણ સમાવેશ થાય છે.

તે ઉપરાંત ટ્રાન્સપોર્ટેશન, શિક્ષણ, આરોગ્ય સુવિધા, રીયલ એસ્ટેટ, મીડીયા, મનોરંજન, કાનૂની સેવા અને વ્યાપાર સંબંધીત સેવાઓનો સમાવેશ થાય છે. ગુજરાતમાં આ ક્ષેત્રનો વિકાસ ખૂબ જ સારી રીતે થઈ રહ્યો છે અને રાજયના જીડીપીમાં તેનો ફાળો ૩૫.૮% જેવો છે.

આમ આ ક્ષેત્ર ભવિષ્યમાં તેનો વધુ ફાળો આપવાની ક્ષમતા ધરાવે છે. એટલું જ નહી તેનાથી વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રને પણ મદદ મળશે તથા મૂડીરોકાણ-રોજગારી વધશે. સરકાર હવે ઉદ્યોગ જેવા જ લાભો સર્વિસ ક્ષેત્રને મળે તે નિશ્ચિત કરવા જઈ રહી છે.






જેમાં આ પ્રકારના સેવા ક્ષેત્રને જેઓ ઓછામાં ઓછા ૧૦ કે તેથી વધુ લોકોને રોજગારી આપે તેમને મૂડીરોકાણ માટે કુલ રોકાણની ૩૫% સબસીડી તથા તેઓ જે ધિરાણ મેળવે તેના પર વ્યાજ સબસીડી, ભાડામાં સહાય, ઈન્ટરનેટ ચાર્જમાં સબસીડી સર્વર વિ. ટેકનીકલ જરૂરિયાતમાં ખાસ મદદ અને તેના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડમાં પણ સહાય વિ.નો સમાવેશ થાય છે.

ખાસ કરીને આ ક્ષેત્રમાં લઘુ-મધ્યમકદની શ્રેણીમાં આવતા એકમને એમએસએમઈ કક્ષાની જે રાહત સુવિધા મળે છે તે પણ ઉપલબ્ધ થાય તે જોવાશે. ખાસ કરીને રાજયના ટેક્ષટાઈલ-જવેલરી ફર્નીચર-ફેશન ગ્રાફીક ડિઝાઈન આરોગ્ય સેવાઓ તથા નાણાકીય સેવાઓ સાથે જોડાયેલી સેવાઓને ખાસ કેટેગરીમાં મુકી રાહત અપાશે.

આ ઉપરાંત કોલ્ડ સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટ, ગોડાઉન, મટીરિયલ ટેસ્ટીંગ યુનિટ સ્ટાર્ટઅપ, ઈન્કયુબન્સ સેન્ટર હોલ માર્ક સેન્ટરના વિકાસ માટે સરકાર કામ કરશે. આ ઉપરાંત કોમ્પ્યુટર રીપેરીંગ, સંદેશાવ્યવહાર અને ઈલેકટ્રોનિકસ સાધનો, હાઉસહોલ્ડ સામાન વિ. સેવાઓને આવરી લેવાશે. રીપેરીંગ-મેઈન્ટેનન્સ, પેકેજીંગ તથા ઔદ્યોગીક કચરા નિકાસ સેવાઓને આવરી લેવાશે.

આ ઉપરાંત કલા સાથે જોડાયેલી સેવાઓ જો કે ફિલ્મ-વિડીયો શુટીંગ સાધનો, સેવાઓ આપવા, સંગીત નિર્માણ સ્ટુડીયો તથા ઈન્ટરનેટ સાથે જોડાયેલી સેવાઓને પણ આવરી લેવાશે.

ગુજરાતને ઉત્પાદનનું હબ બનાવવા તેને સર્વિસ સેકટરનું પીઠબળ હોય તે જરૂરી છે. જેનાથી ઉદ્યોગોનું કામ સરળ બનશે તો નવું મૂડીરોકાણ, રોજગારીનું પણ સર્જન થશે.

## ફાઈન આર્ટ્સની વિદ્યાર્થિનીએ ઈલેક્ટ્રિક ગિઝરથી પાણી ગરમ કરવા મૂક્યું, હાથ નાખી ચેક કરવા જતાં કરંટથી મોત



વડોદરા :એમ.એસ.યુનિ.ની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના પેઈન્ટિંગ વિભાગમાં અભ્યાસ કરતી ૨૨ વર્ષીય વિદ્યાર્થિનીનું કંરટ લાગતાં મોત થયું હતું. વિદ્યાર્થિનીએ ઈલેક્ટ્રિક ગિઝર દ્વારા પાણી ગરમ કરવા મૂક્યું હતું. જ્યારે તે પાણી તપાસવા ગઈ ત્યારે તેને કંરટ લાગતા મોત થયું હતું.

મૂળ રાજસ્થાનના પ્રતાપસિંહ બુગાલિયા વર્ષોથી સુરતમાં રહે છે. તેમની ૨૨ વર્ષીય દીકરી કાજલ બુગાલિયા ફાઈન આર્ટસમાં માસ્ટર ઓફ પેન્ટીંગમાં અભ્યાસ કરતી હતી. સોમવારે બપોરે તે પેઈન્ટીંગ વિભાગમાં પેઈન્ટીંગનું કામ કરી રહી હતી. જે માટે તેને ગરમ પાણીની જરૂર પડતા ફેકલ્ટીની બાલ્કનીમાં ઈલેક્ટ્રીક ગીઝર રોડ દ્વારા પાણી ગરમ કરવા મૂક્યું હતું. થોડા સમય બાદ પાણી ગરમ થયું કે નહીં તે તપાસવા ગઈ હતી અને તેણે ટબમાં હાથ નાંખ્યો હતો. જેથી કંરટ લાગતા બેભાન થઈ ગઈ હતી. વિદ્યાર્થિનીની ચીસ સાંભળતા અન્ય વિદ્યાર્થી પણ દોડી આવ્યા હતા અને કાજલને નરહરી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. જ્યાં તેને મૃત જાહેર કરાઇ હતી. સયાજીગંજ પોલીસે મૃતદેહ




પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડયો હતો. યુનિવર્સિટી સત્તાધીશો પણ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર વિદ્યાર્થિની એકલી વિભાગમાં કામ કરી રહી હતી. વિદ્યાર્થિનીએ કેનવાસને ગરમ કરવા માટે તેણે પાણી ગરમ કર્યું હતું. આ પ્રક્રિયા ઠંડા પાણીમાં કરવાની હોય છે. ગરમ પાણી કેમ કર્યું સમજાતું નથી

### ઈલેક્ટ્રિક ગિઝર વાપરતા સમયે આટલું ધ્યાન રાખવું

- ★ જ્યારે પણ ઈલેક્ટ્રીક કામ કરવું હોય ત્યારે રબ્બરના ચપ્પલ પહેરીને કરવું જોઈએ
- ★ ઘરમાં કે કોઈ પણ સ્થળે જ્યાં ઈલેક્ટ્રીક કામ થતું હોય ત્યાં અર્થિંગ થયેલું હોવું જ જોઈએ
- ★ ઈલેક્ટ્રીક હિટર રોડનો ઉપયોગ કરતા હોવ તો સ્વીચ બંધ કરીને પાણી તપાસવું જોઈએ
- ★ જે વાસણમાં પાણી ગરમ કરવું હોય તે વાસણને પાટલા પર મુકવુ જોઈએ
- ★ ઈલેક્ટ્રીક હિટર રોડ ક્લેમ્પ વાળુ હોવું જોઈએ , ૩ પીન વાળુ હિટર વાપરવું જોઈએ

### મેનેજમેન્ટની ભૂલ છે, આવાં સાધનો ફેકલ્ટીમાં કઈ રીતે હોય

કોલેજમાં વિદ્યાર્થીઓ શું કામ કરે છે અને કેવી રીતે કામ કરે છે તેનું ધ્યાન તો મેનેજમેન્ટે રાખવું જોઈએ. આ પ્રકારની જોખમી વસ્તુનો કોલેજમા કંઈ રીતે ઉપયોગ થઈ શકે છે. ઘટના પાછળ મેનેજમેન્ટની ભુલ છે

**નવીન જાટ, કાજલના સ્વજન**

## ખંડેરાવ માર્કેટમાં અસમાજિક તત્વોનો ત્રાસ : વેપારી પર હુમલો કરી લૂંટ!



ખંડેરાવ માર્કેટમાં અસમાજિક તત્વોનો ત્રાસ વધતા વેપારીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. તાજેતરમાં દારૂની મહેફીલનો વિરોધ કરતા વેપારી પર બે શખ્સોએ હુમલો કરી સોનાની ચેઈન, લકી, રોકડ રકમ તથા મોબાઈલ લૂંટી લીધો હોવાની માહિતી સામે આવી છે. ફરિયાદી ગૌરાંગ પટેલે નવાપુરા પોલીસ મથકે અરજી આપી હોવા છતાં પોલીસ કામગીરી કરવામાં નિષ્ફળ ગઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. વેપારીએ કોર્પોરેશન સંકુલમાં લગાવેલા સીસીટીવી ફૂટેજ પણ પોલીસને સોંપ્યા હતા. તેમ છતાં અસમાજિક તત્વો સામે કડક પગલાં ન લેવાતા તેઓ હિંમત સાથે ફરી ફરિયાદીના ઘરે પહોંચી બબાલ કરી હતી અને ફરિયાદીની માતાને ધમકી આપતાં પરિવારમાં ભયનું વાતાવરણ સર્જાયું હતું. ફરિયાદીનું કહેવું છે કે, ત્રણ દિવસ અગાઉ સવારે ત્રણ વાગ્યે તે રાબેતા મુજબ વેપાર માટે આવ્યો હતો, ત્યારે બે વ્યક્તિઓ દારૂની મહેફિલ માણી રહ્યા હતા. જેનો તેનો વિરોધ કરતાં મને માર મારી લૂંટ ચલાવવામાં આવી હતી. આ ઘટનામાં બલ્લી, સુનિલ કહાર અને હોકી નામના શખ્સોની સંડોવણી છે. જ્યારે નવાપુરા પીઆઇનું કહેવું હતું કે, આ બનાવમાં સુનિલ કહારને પણ માથાના ભાગે ત્રણ ટાંકા આવ્યા હોય હોસ્પિટલમાં એડમીટ હતો. આજે બંને પક્ષની સામસામી ફરિયાદના આધારે કાર્યવાહી કરી છે.

## Gandhi statue defaced in London, India strongly condemns shameful act

The plinth of the iconic statue, which depicts the Father of the Nation in a seated meditative pose, was discovered daubed with some disturbing graffiti.The High Commission of India has strongly condemned the vandalism of Mahatma Gandhi's statue at Tavistock Square in London on Monday, just days before the annual Gandhi Jayanti celebrations are scheduled to be held at the site on October 2.The plinth of the iconic statue, which depicts the Father of the Nation in a seated meditative pose, was discovered daubed with some disturbing graffiti. The Indian mission said it has reported the desecration to the local authorities, even as its officials are at the site to coordinate the restoration of the monument to its original state."The High Commission of India in London is deeply saddened and strongly condemns the shameful act of vandalism of the statue of Mahatma Gandhi at Tavistock Square in London," the Indian High Commission in London said in a statement on social media."This is not just vandalism, but a violent attack on the idea of non-violence, three days before the International Day of Non-Violence, and on the legacy of the Mahatma. We have taken this up strongly with local authorities for immediate action, and our team is already on site, coordinating with authorities to restore the statue to its original dignity," it stated.Gandhi Jayanti, designated as International Day of Non-Violence by the United Nations, is commemorated with floral tributes and Gandhiji's favourite bhajans at the monument in London annually on October 2.The bronze statue, created with the backing of the India League, was unveiled in 1968 at the square as a nod to Mahatma Gandhi's days as a law student at the nearby University College London. The inscription on the plinth reads: "Mahatma Gandhi, 1869-1948".The Metropolitan Police and the local Camden Council authorities said they are looking into reports of vandalism.

## ફટાકડાની દુકાનો માટે સુરક્ષાના નિયમોઃચાઈનીઝ ફટાકડા અને ચીજો પર પ્રતિબંધઃરાતે ૧૨ થી ૮ જ સામાનની હેરાફેરી



વડોદરાઃ દિવાળીના તહેવારને અનુલક્ષીને પોલીસ કમિશનર દ્વારા ફટાકડાની દુકાનો માટે સુરક્ષાના નિયમો તેમજ મંજૂરી ફરજિયાત બનાવવામાં આવી છે.પોલીસ કમિશનરના જાહેરનામામાં ચાઈનીઝ ફટાકડા તેમજ બંદૂક જેવી બનાવટો પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.જયારે, પાર્કિંગ દુકાનથી ૨૫ મીટર દૂર રાખવાની સૂચના અપાઈ છે.આ ઉપરાંત ટુવ્હીલર અને ફોર વ્હીલર પાર્કિંગ અલગઅલગ રાખવાની અને દુકાનના સામાનની હેરાફેરી રાતે ૧૨ થી સવારે ૮ સુધી જ કરવાની સૂચના આપવામાં આવી છે.

## राजस्थान के नागौर में धरती के नीचे मिला सफेद सोने का इतना बड़ा खजाना



चीन का रेयर अर्थ मिनरल्स पर एकछत्र राज के दिन अब जाने वाले हैं. चीन से तनातनी के बाद भारत ने भी ऐसे मिनिरल्स की खोज देश में बढ़ा दी है. उसका नतीजा भी देखने को मिल रहा है. राजस्थान के नागौर के डेगाना क्षेत्र में लिथियम का बहुत बड़ा भंडार मिला है. मौजूदा दौर में इस खनिज को व्हाइट गोल्ड भी कहा जाता है. इसे देश का अब तक का सबसे बड़ा भंडार माना जा रहा है. खास बात ये है कि भारत अभी अपनी लिथियम की जरूरत पूरी करने के लिए चीन पर ही निर्भर है. उसे अपनी जरूरत का 70-80 फीसदी हिस्सा चीन से ही मंगाना पड़ता है. लेकिन इतने बड़े भंडार के मिलने के बाद अब ड्रैगन पर भारती की निर्भरता खत्म होने वाली है.सबसे बड़ी बात यह है कि केंद्र सरकार के खान मंत्रालय ने लिथियम भंडार की नीलामी प्रक्रिया भी शुरू कर दी है. निविदा दस्तावेज 23 सितंबर से बिक्री के लिए उपलब्ध हैं और जमा कराने की अंतिम तिथि 1 दिसंबर 2025 तय की गई है.भारतीय भूगर्भ सर्वेक्षण के अनुसार यहां मिले लिथियम का आकलन 14 मिलियन टन तक किया गया है. इतना बड़ा भंडार भारत की कुल मांग का लगभग 80 प्रतिशत पूरा करने की क्षमता रखता है. इस खोज से भारत लिथियम के मामले में आत्मनिर्भर बनने की दिशा में तेजी से कदम बढ़ा सकता है. लिथियम बैटरी निर्माण, इलेक्ट्रिक वाहनों और परमाणु ऊर्जा संयंत्रों के लिए बेहद अहम है. डेगाना में खनन शुरू होने से चीन पर निर्भरता कम होगी और देश की रणनीतिक स्थिति भी मजबूत होगी.डेगाना की रेवंत पहाड़ियां पहले से खनिज संपदा के लिए जानी जाती रही हैं. ब्रिटिश शासनकाल में 1914 में यहां टंगस्टन की खोज हुई थी. आजादी से पहले देश में उत्पादित टंगस्टन का इस्तेमाल प्रथम विश्व युद्ध के दौरान ब्रिटिश सेना की युद्ध सामग्री बनाने में किया गया था. लंबे समय तक टंगस्टन का खनन चलता रहा लेकिन बाद में बंद हो गया. अब इन्हीं पहाड़ियों में लिथियम भंडार की पुष्टि ने इसे एक बार फिर सुर्खियों में ला दिया है.नागौर के अलावा देश में जम्मू-कश्मीर के रियासी जिले के सलाल-हैमाना क्षेत्र में 5.9 मिलियन टन लिथियम स्टॉक मिला है. छत्तीसगढ़ के कोरबा में देश की पहली लिथियम खान की नीलामी हो चुकी है और खनन कार्य शुरू होने की प्रक्रिया में है. कर्नाटक के मांड्या जिले में 14,100 टन का भंडार मिला है. इसके अलावा बिहार, ओडिशा, झारखंड, तमिलनाडु, आंध्र प्रदेश और गुजरात में भी लिथियम भंडार की संभावनाएं जताई जा रही हैं. लेकिन अभी तक किसी भी राज्य में खनन शुरू नहीं हो पाया है.लिथियम को व्हाइट गोल्फ कहा जाता है. मोबाइल, लैपटॉप, इलेक्ट्रिक वाहनों और रिचार्जेबल बैटरियों में इसका इस्तेमाल होता है. भारत जैसे देश में जहां ईवी सेक्टर तेजी से बढ़ रहा है, वहां इसकी मांग लगातार बढ़ रही है. डेगाना में खनन शुरू होने से प्रदेश के राजस्व और रोजगार के अवसरों में भी बड़ी बढ़ोतरी होगी.राजस्थान की धरती से लिथियम उत्पादन शुरू होना केवल प्रदेश ही नहीं बल्कि पूरे देश के लिए गेम चेंजर साबित हो सकता है. इससे भारत न सिर्फ आयात पर निर्भरता कम करेगा बल्कि वैश्विक स्तर पर भी लिथियम बाजार में अपनी स्थिति मजबूत करेगा.

### એક્સપાયરી ડેટનું પનીર ઝડપાયું

## હાઈવે હોટલો પર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા

સુરેન્દ્રનગર જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને મામલતદાર ટીમ દ્વારા હાઈવે પર આવેલી હોટલો, મીઠાઈની દુકાનો અને ફરસાણની દુકાનો પર વ્યાપક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ અચાનક હાથ ધરાયેલા ચેકિંગને કારણે ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ કરનારા અને ગેરરીતિ આચરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.ચેકિંગ દરમિયાન લખતર આજુબાજુના હાઈવે પર આવેલી એક હોટલમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આ હોટલમાંથી એક્સપાયરી ડેટ (મુદત વીતી ગયેલું) પનીર મોટી માત્રામાં મળી આવ્યું હતું. લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતી આ વસ્તુનો ટીમે સ્થળ પર જ નાશ કર્યો હતો. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને મામલતદારની ટીમે લખતર અને તેની આજુબાજુના મીઠાઇ-ફરસાણ, ખાણીપીણી અને હાઈવે હોટલો પર સઘન ચેકિંગ કર્યું હતું. આ ચેકિંગ દરમિયાન ટીમે ૩૫ નમૂનાઓ (સેમ્પલ) એકત્ર કર્યા હતા,

